સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

નદીની ગ્રાન્ટો પવિત્ર થવા ઘેલી થયા કરે છે,
છતાં સ્વચ્છ થતી નતી પણ મેલી થયા કરે છે,
રેલી થયા કરે છે ઉકરડે દીવા કરવાની -
ઠલવાય ગંદકી, સ્વચ્છતાની કેલી થયા કરે છે.

હાઈકુ

ઑડિટ થાય ?!
છે બાપુકી મિલકત
PMO ફંડ

દાન-પેટ છો
રહે પ્રભુ મંદિરે
માલિક નહીં !!

ચિંતન

સમાના ચાસૃત્યુકમાદમૃતત્વં ચાનુપોષ્ય ।

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મૃત્યુ સમયનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણન અમુક કમ સુધી સામાન્ય માનવોને બ્રહ્મલોકમાં જવા માંગનારા મહાપુરુષોને એક સરખી રીતે લાગુ પડે છે. જીવાત્મા મૃત્યુ વખતે સ્થૂળ શરીરમાંથી નીકળીને સુક્ષ્મ શરીરમાં સ્થિતિ કરે છે ત્યાં સધીનો કમ સામાન્ય માનવોને માટે અને બ્રહ્મજ્ઞાની પુરુષોને માટે એક સરખો હોય છે. બ્રહ્મલોકમાં જનારા મહાપુરુષો પણ સૂક્ષ્મ શરીરને સુરક્ષિત રાખીને જ ત્યાં જઈ શકે છે અને બીજા લોકોમાં પણ શરીર દ્વારા જ જઈ શકાય છે. બ્રહ્મલોકમાં જવાનું ફળ અમૃતત્વની પ્રાપ્તિ છે. તેવું ફળ બીજા લોકો અથવા બીજી યોનિઓમાં જનારા બીજા મનુષ્યોને મળતું નથી. એમનામાં આ ભેદ અવશ્ય છે.

મન ઈન્દ્રિયો સાથે પ્રાણમાં સ્થિત થાય છે પછી પ્રાણ પોતાના અધ્યક્ષ અથવા સ્વામી જીવાત્મામાં સ્થિત થઈ જાય છે.

સુવિચાર

- આંખો મેં નીંદ બહુત હૈ પર સોના નહીં હૈ,
  યહ સમય હૈ કુછ કરને કા ઈસે ખોના નહીં હૈં! **- શૌર્ય મારવાહ**
- સંબંધોના ખેતરમાં કશુંક લણવાના ઈરાદાથી જે વાવવામાં આવે છે તેમાંથી અપેક્ષાઓ અને ફરિયાદ ઊગે છે, પ્રેમ અને લાગણી નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- તકલીફ ઉઠાવવાની અખૂટ તાકાત એ જ બુદ્ધિમત્તા છે - **કાર્લાઈલ**
- મૂર્ખ માણસ તમારી પીઠ થાબડે,
  એના કરતાં સમજદારનો ગાલ પર પડતો તમાચો વધારે ગુણકારી છે - **જન્મભૂમિ**
- મનુષ્ય સહેલાઈથી પોતાને ઈશ્વર માની લેતો નથી એનું મુખ્ય કારણ પેટ છે - **નિત્શે**
- અવિશ્વાસુના શ્રેષ્ઠ વિચાર કરતાં વિશ્વાસુની ભૂલ વધારે સારી છે - **થોમસ રસલ**
- આજનું ઔષધ : અશ્વગંધાના પાનને પાણીમાં ઉકાળી નવશેકું પીવાથી થાઈરોઈડમાં સંતુલન થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ટેકસાસના એક નાના ગામડામાંથી જેન ઓટ્રી નામનો કલાકાર ન્યુયોર્કમાં આવ્યો. એણે ન્યુયોર્ક જેવા મહાનગરને છાજે એવી રહેણીકરણી, પોષાક અને વાતચીત કરવાનો પ્રયાસ કર્યો. પણ એમ છતાં ગામડાની બોલી સંવાદમાં છલકાઈ જતી હતી. ઓટ્રી જે પોતે જ હતો, એવા થવાનો પ્રયત્ન કર્યો. એણે માત્ર દેખાય બદલ્યો નહીં, એથીય વિશેષ મધુર અવાજ ધરાવતા આ ગાયકે ગાવાનાં ગીતો પણ બદલી નાખ્યા. ગામઠી સંગીતને વિદાય આપીને પોપ સંગીતની નકલ કરવા લાગ્યો. અનુકરણ કરવામાં લોકો જેનની મજાક ઉડાવતા હતા. કેમ કે હજી પેલા ગામડાનું ગામડાપણું એની વર્તણુકમાં ડોકિયું કરી જતું. એ સૌની મશ્કરીનો ભોગ બનવા લાગ્યો. જાણે કે ન્યુયોર્ક જેવા શહેરમાં આવવા છતાં ગાયક તરીકે તેની કોઈ ગણના થતી ન હતી. એક નાતાલની સવારે તેને નક્કી કર્યું કે આવો શહેરી બાહ્ય આડંબર છોડી દેવો અને પોતે જ છે, તે રીતે દુનિયા સમક્ષ નવેસરથી આવવું. એણે પોતાની આગવી શૈલીમાં બેજ્જો વગાડવાનું શરૂ કર્યું. અને બાળપણમાં શીખેલું કાઉ-બોયનું સંગીત ગાવા લાગ્યો. જોતજોતામાં જેન ઓટ્રીનું કાઉ-બોય સંગીત ખૂબ લોકપ્રિય બન્યું અને ધીરે ધીરે રેડિયો પર એ શ્રોતાજનોનો પ્રિય ગાયક બની ગયો અને ચલચિત્રોમાં પણ ગાયક તરીકે એના કાઉ-બોય સંગીતે દર્શકોને ઘેલું લગાડ્યું.

લખીમપુર ઘટના ચિંતાજનક છે

તંત્રીસ્થાનેથી...

પંજાબમાં પ્રસ્થાપિત નેતા કેપ્ટન અમરિંદરસિંહને પદ છોડવાની ફરજ પાડનાર પ્રિયંકા ગાંધીને નવજોત સિધ્ધુની જીદ પછી પોતાની ભૂલનો અહેસાસ જરૂર થયો હશે. કોંગ્રેસની સિનિયર પેઢીની સહાનુભૂતિ અમરિંદરસિંહ સાથે જ હતી. પોતાને ફરીવાર ઉત્તરાખંડના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે હાઈકમાન્ડની સ્વીકૃતિ મળે એટલા સ્વાર્થ ખાતર પંજાબના પ્રભારી હરીશ રાવત સિદ્ધુની ગાડીમાં સવાર થઈ ગયા હતા. નહીંતર શરુઆતમાં તો તેઓએ કેપ્ટનની નેતાગીરીની જ પ્રશંસા કરેલી. પ્રિયંકા ગાંધીના માથે શાંત પંજાબને બિનજરૂરી ડહોળવાનો આક્ષેપ થવા લાગ્યો હતો ત્યાં ઓચિંતી જ એમને ધૂંધળી પડી ગયેલી છબીને ઊજળી કરવાની તક લખીમપુર ઘટનાએ આપી છે. એમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અનિર્ણાયકતા અને અવઢવ કારણભૂત છે. પ્રિયંકાને રાતના સમયે અવરોધવામાં આવ્યાં હતા અને એમણે એ બદલ વોરંટ કે લિખિત આદેશ અથવા કયા કાયદા હેઠળ પોતાને રોકવામાં આવી રહ્યાં છે એ મુદ્દે યુપી પોલીસના અધિકારીઓનો ઉગ્ર ભાષામાં ઉધડો લીધો હતો. સ્ત્રીને રાતના સમયે ડિટેઈન કરવાની તો કાયદો પણ છૂટ આપતો નથી. યોગી સરકારે પ્રિયંકાને રીતસર 'હીરો' તરીકેની ઈમેજ ઊભી કરવાની તક આપી હતી. આથી ઉત્તરપ્રદેશમાં ઈનચાર્જ તરીકે સદંતર નિષ્ફળ રહેલાં પ્રિયંકા ગાંધીમાં ઈંદિરા ગાંધીનું અવતરણ થયું એવો માહોલ સરજાયો છે સુષુપ્ત કોંગ્રેસમાં નવી ઊર્જાનો સંચાર થયો છે. રાહુલ ગાંધીએ પણ સરકારી વાહનમાં નહીં જવાની જીદ પકડીને પોતાનું ધાર્યું કર્યું. બેઉ ભાઈબહેન કેન્દ્રીય ગૃહ રાજયમંત્રીની માલિકીની જીપ નીચે કચડાઈ મરેલા કિસાન યુવાનોનાં માતાપિતાને ભેટીને કિસાન આંદોલનમાં પરમ શભેચ્છક સાબિત થયાં છે. યોગી આદિત્યનાથની કામગીરીનાં સતત વખાણ કરતાં રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દારુણ દુર્ઘટનાનો ભોગ બનેલા કિસાનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવાની તક ગુમાવી ચૂક્યા છે. એ દિવસોમાં તેઓ લખનૌ ખાતે કેન્દ્ર સરકારની કલ્યાણ યોજનાઓનું લોકાર્પણ કરવા ગયા હતા ત્યારે પ્રિયંકા ગાંધીએ એમને જયાં નજરકેદ કરાયાં હતાં ત્યાંથી મોદીને ઉદ્દેશીને લાગણીસભર પ્રશ્નો પૂછ્યા હતા. યોગી સરકાર પ્રિયંકાને સામે ચાલીને એમની ઝંખવાયેલી ઈમેજ માંજવાની અને મૃતપ્રાય કોંગ્રેસને બેઠી કરવાની તક આપી રહી હોય એવું નથી લાગતું ? વીર સંઘવી જેવા વરિષ્ઠ જેવા વરિષ્ઠ પત્રકારે આ પ્રશ્ન આખા દેશની પ્રજા સમક્ષ રમતો મૂક્યો છે. કોંગ્રેસના મુખ્યમંત્રીઓ ઉપરાંત હવે નવજોત સિદ્ધુ પણ લખીમપુર જઈ રહ્યા છે. નાછૂટકે સરકારે કેન્દ્રીય ગૃહરાજય મંત્રીના દીકરાને પણ 'સમન' મોકલવું પડ્યું છે. સુપ્રીમ કોર્ટે જાતે જ આખી ઘટનાની ગંભીર નોંધ લઈ રાજય સરકાર પાસે જવાબ માગ્યો છે. યોગી અને મોદી બેઉ માટે સુપ્રીમ કોર્ટનો આદેશ માથાનો દુખાવો પુરવાર થઈ રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં વિપક્ષ વિખરાયેલો હતો જે કદાચ ખેડૂતોના મુદ્દે એક મંચ પર આવી શકે છે. જો કે કોંગ્રેસ સાથે ગઠબંધન કરવામાં ઉત્તરપ્રદેશના મુખ્ય વિપક્ષ - સમાજવાદી પાર્ટીને રસ નથી, પણ અખિલેશ યાદવ આ ઘટનાનો રાજકીય લાભ અંકે કરે એ પહેલાં પ્રિયંકા અને રાહુલે એ તક ઝડપી લીધી છે. વળી કિસાન આંદોલનને પણ નવી ઊર્જા સાંપડી છે. વીરેન્દ્રસિંહ જેવા નેતાથી લઈ પૂર્વ કેન્દ્રીય મંત્રી સત્યપાલ મલિક અને ચાલુ સાંસદ વરુણ ગાંધી સહિતના ઘણા નેતાઓએ કિસાનો પ્રત્યે ખુલ્લી સહાનુભૂતિ દાખવી છે. ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીમાંથી મેનકા ગાંધી અને વરુણ ગાંધીની બાદબાકી આગામી દિવસો દરમિયાન ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીના ગઢમાં ગાબડું પુરવાર થઈ શકે છે. સમયની બલિહારી છે!

નવરાત્રી, ભેજવાળું વાતાવરણ, લોકોની ભીડ અને કોરોના

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

આજે આખી ટીમ ડાહ્યાલાલ, ગાંડાલાલ, વિપુલ અને નિલેશ બધા જ હાજર હતા. ડાહ્યાલાલના બહેન સરિતાબહેન પણ જોડાયા હતા. સરિતાબેન બોલવાનું શરૂ કર્યું. નવરાત્રી મહોત્સવ આવી ગયો છે. ગઈ નવરાત્રી તો કોરોનાને લીધે કરી શક્યા નહી. આ નવરાત્રીએ સરકારશ્રીએ વધુમાં વધુ ૪૦૦ લોકો જોડે નવરાત્રીનું પર્વ ઉજવવા માટે ૧૦ વાગ્યા સુધી પરમીશન આપી છે. બે વર્ષે જૂના - ચણિયા ચોળી કબાટમાંથી બહાર કાઢવા માટે સરકાર તરફતી જે આમંત્રણ મળ્યું છે. તેઓ સહૃદય આવકાર કરીએ છીએ. સરકાર ઈચ્છે છે બધા જ સુખી રહે આનંદ અને ઉત્સાહથી નવરાત્રી પર્વને માણીએ અથવા મા જગદંબાને ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરી માતાની ભક્તિ કરીએ. હવે એ આપણી જવાબદારી બની જાય છે કે આ પર્વને શાંતિપૂર્વક, સુરક્ષિત રીતે અન્યની અને આપણી ઊજવણીએ આ આપણા ઉપર છે. નવાં કપડાં પહેરાય, નવા ચણિયા ચોળી લવાય, નવો ઝભ્ભો-લેંગો પહેરાય પણ સાથે સથે નવેનવ દિવસના જુદા જુદા કલરના માસ્ક પણ પહેરવા જોઈએ. ગરબા ગાતી વખતે સોશ્યિલ ડિસ્ટન્સીંગનું પાલન થાય એ જોવાની જવાબદારી પણ આપણી છે.

ગાડાંલાલ બોલ્યા સરિતાબેન ડાહ્યાલાલની માફક તમારી પાસે પણ સરસ જ્ઞાન છે. પણ તમે જો બોલ્યા એ પ્રમાણે કરશો ? આપણે ત્યાં બોલવમાં અને કરવામાં બહુ જ તફાવત હોય છે. બધાને ખબર છે કે સાચું શું છે ? છતાં પણ લોકો કંઈકનું કંઈક ખોટું કરતાં જ હોય છે. ઉપદેશ આપવાનો હોય અનુસરવાનો ના હોય આપણે રહેતા હોઈએ તે દેશના સાચા કે ખોટા જે નિયમો એ જે દેશમાં રહેતા હોય એ પ્રમાણે પાળવા જોઈએ. પણ એવું થતું નથી. દાખલા તરીકે સરકારે જે પ્રમાણે ઈન્કમટેક્સ અને જીએસટીના નિયમો બનાવ્યા છે તે પ્રમાણે છાતી ઉપર હાથ મૂકીને કહો કેટલા માણસો પાળે છે. તમે જ કહો એમાં આપણે ખોટું નથી કરી રહ્યા. સરકાર પાસે પૈસા હશે તો જ કંઈક નવું કરવાની આશા કે મનોકામના સરકારની થશે. અમુક સરકારો લાઈટ ફ્રી, પાણી ફ્રીની જાહેરાત કરે છે. શું એ યોગ્ય છે. પૈસા નહીં હોય તો લાઈટ અને પાણી ક્યાંથી ફ્રી થશે. એનો અર્થ એ થયો કે જે લોકો પ્રમાણિકપણે ટેક્સ ભરે છે. તેમની ઉપર બોજો વધારે આવશે. અને ખરેખર જરૂરી કામ થઈ શકશે નહીં. ડાહ્યાલાલથી રહેવાયું નહીં. બહુ જ થઈ ગયું. હવે આપણું મિશન છે હેલ્થ એનાં ઉપર ચર્ચા કરીએ. નવરાત્રીમાં લોકો માસ્ક પહેર્યા સિવાય, સમયની દરકાર રાખ્યા સિવાય ગરબા રમે છે. હજુ ૯૦ ટકા કે ૯૨ ટકા રસીકરણ થયું છતાં પણ કોરોના થઈ શકેછે. રસી લીધા પછીકોરોના નહીં થાય એ સાવ ભૂલથી ભરેલું છે. અને ભેજવાળા વાતાવરણને લીધે ડેન્ગ્યુના મચ્છર રાહ જોઈને બેઠા છે. અને આ વર્ષે ઘણા બધા એવા કેસ આવ્યા છે જેમાં પ્લેટલેટ ૫૦૦૦ કે ૧૦,૦૦૦ થઈ ગયા છે. એ બધાને બહારથી પ્લેટલેટ આપવા પડ્યા છે. ઘણા દર્દીઓમાં ઝાડા પેશાબમાંથી અથવા મોંમાંથી બ્લડ નીકળતું જોવા મળે છે. ઘણા બધા દર્દીઓમાં ડેન્ગ્યુના ચિન્હો હોવા છતાં ડેન્ગ્યુના ELISA અથવા Rapid ટેસ્ટ નેગેટિવ આવે છે. એમાં જ જયારે ડેન્ગ્યુ PCR કરવામાં આવે ત્યારે પોઝીટીવ આવે છે. એવી જ રીતે ચિકનગુનિયા અને મેલેરિયા બંનેમાં PCR સિવાય આપણા કોઈ સારો આરો નથી. PCR મોંઘો પડે પણ મેલેરિયા, PCR , ડેન્ગ્યુ PCR , ચિકનગુનિયા PCR, કોરોના PCR, સિવાય આપણો ઉદ્ધાર નથી. ઘણી વખત ડૉક્ટરો ચિનહો ઉપરથી નિદાન કરતા હોય છે. મોટાભાગના દર્દીઓમાં એ સાચું પડે છે. પણ અમુક કેસમાં જોવા મળ્યું છે કે PCR પદ્ધતિથી આપણને સારી એવી મદદ થાય છે...

મંત્રમુગ્ધ કરી દે તેવું અસ્તિત્વ : લોકનાયક જયપ્રકાશ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

દાદા ધર્માધિકારી જે.પી.ના વ્યક્તિત્વ વિશે વાત કરતા તેને – પ્રી – પઝેસીંગ – પ્રેઝન્સ – મંત્રમુગ્ધ કરે તેવું વ્યક્તિત્વ કહે છે તેમાં પૂરેપૂરું તથ્ય છે. સંતતુલ્ય શૂચિતા એ જે.પી.ના વ્યક્તિત્વમાં સતત ડોકાતી રહે છે. ઓક્ટોબરની અગિયારમી તારીખે (૧૯૦૨) જે.પી.નો જન્મ થયો. યોગાનુયોગ એ વિજ્યાદસમીનો શુભ દિવસ હતો. આસુરી તત્વો પર લાંબા સંઘર્ષ પછી દૈવી તત્વોના વિજયના પ્રતિક જેવો એ દિવસ હતો. જયપ્રકાશ નારાયણ પણ આજીવન સત્યના આગ્રહ સાથે સંઘર્ષરત રહ્યા. જે.પી. પોતાના સ્વપ્નો સિધ્ધ કરી શક્યા હતા કે કેમ તેનો નિર્ણય તો કાળ કરશે. પરંતુ આ મહાનાયકને વિફલ જીવનનો પણ વસવસો નથી. શરત માત્ર એટલીજ છે કે સમાનધર્મી સહયોગીઓને માર્ગદર્શક તથા ઉપયોગી જીવન જીવી શકાય.

યહ વિફલ જીવન
શત શત ધન્ય હોગા
યદિ સમાનધર્મી પ્રિય તરુણોંકા
કંટકાકીર્ણ માર્ગ
કુછ સફલ બના પાયેં.

જયપ્રકાશ નામના આ મહામાનવે ૮ ઓક્ટોબર – ૧૯૭૮ના દિવસે આ જગતની વિદાય લીધી. જે.પી.ની જન્મજયંતિ તેમજ પુણ્યતિથિના આ માસમાં અનેક ભારતીયોના મનમાં લોકનાયકની સ્મૃતિ થઈ હશે. ગાંધીજી કહેતા કે સમાજવાદ વિશે જયપ્રકાશ જે નથી જાણતાં તે આ દેશમાં બીજું કોઈ નથી જાણતું. બાપુ સાથેના વિચારભેદ છતાં ગાંધીજી જયપ્રકાશની સર્વસ્વની કુરબાનીને હમેશા બીરદાવતા હતા. જે.પી. નમ્રતા, સરળતા તથા સ્નેહની મૂર્તિ સમાન હતા તેવી વિનોબાજીની વાત થોડામાં ઘણું કહી જાય છે.

જયપ્રકાશ નારાયણ દેશના આજીવન માર્ગદર્શક રહ્યા પરંતુ કદી સત્તા ગ્રહણ કરવાના વિચારમાં આગ્રહ છતાં સંમત ન થયા. ગાંધીજીના સમયમાં સત્તા ગ્રહણ ન કરવાના આવા અનોખા વલણના દ્રષ્ટાંત જોવા મળી શકે છે. પરંતુ ગાંધીજીના ગયા બાદ આવું વલણ સતત ત્રણ દાયકા સુધી જાળવીને સામાજિક કાર્યો કરવાની જે.પી.ની જીવન પધ્ધતિ એક અનોખી મીસાલ હતી. જે હકીકતો નોંધાયેલી છે તે મુજબ ૧૯૫૩માં ભારત સરકારમાં જોડાવા પંડિત જવાહરલાલ નહેરુએ જયપ્રકાશને સૂચવ્યું હતું. કોંગ્રેસ તથા સમાજવાદીઓના જોડાણનો એક સુયોગ આ રીતે ઊભો કરવાનો પંડિતજીનો પ્રયાસ હતો. જો પંડિત નહેરુના આગ્રહ મુજબ થયું હોત તો નહેરુ પછી સ્વાભાવિક ક્રમેજ તેઓ વડાપ્રધાન થયા હોત તેમ માનવું ઉચિત છે. જે.પી. એ કોઈ પ્રજાહીતના નક્કી કરેલા કાર્યક્રમ સિવાય માત્ર સરકારમાં જોડાવું ઉચિત ન ગણ્યું. જયપ્રકાશે એક મોટા પ્રલોભનને સહજ રીતેજ ઠુકરાવ્યું. ફરી એક વખત ૧૯૬૨માં ભારત ચીનના સંઘર્ષ પછી નહેરુજીની નીતિ – પધ્ધતિ સામેનો વિરોધ ઊભો થતાં અનેક લોકોના મનમાં જે.પી.નો વિકલ્પ સામે આવ્યો. જે.પી.એ આ સમયે પણ વિનય સાથે પણ દ્રઢતાપૂર્વક આવી કોઈ દરખાસ્ત સ્વીકારવા સંમતિ આપી નહિ. ત્રીજો એક પ્રસંગ ૧૯૬૭માં ચૂંટણીઓ બાદ ઊભો થયો. ઘણાં રાજ્યોમાં કોંગ્રેસની હાર થઈ. થોડા સમય બાદ રાષ્ટ્રપતિની ચૂંટણી આવી. ડૉ. રામમનોહર લોહિયાએ કોંગ્રેસ સામેના પક્ષોની શક્તિને જોઈ જયપ્રકાશને વિરોધપક્ષના સર્વમાન્ય ઉમેદવાર તરીકે ઉમેદવારી કરવા વિનંતી કરી. જે.પી.એ જાહેર નિવેદન કરીને આ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. કોઈ એવી શક્તિ આ લોખંડી પુરુષમાં હશે કે જનસામાન્યની સેવા માટે તેઓને રાજકારણ કરતાં લોકકારણ વધારે ઉચિત લાગ્યા હશે. સત્તાનો માર્ગ ગ્રહણ કર્યો નહિ પરંતુ જીવનભર લોકોના હીતના પ્રશ્નોને હાથમાં લઈ સત્તાધીશો સામે સતત સંઘર્ષ કરતા રહ્યા. વિનોબાજીના ભૂદાન આંદોલનનો પણ ભાગ બન્યા. લોકસેવાના કાર્યમાં સતત પ્રવૃત્ત રહીને સરકાર પર પ્રભાવ પાડવાના ગાંધી – વિનોબાના વિચારનો જયપ્રકાશના જીવનમાં અમલ થયેલો જોઈ શકાય છે. સત્તાનો પરંપરાગત રસ્તો છોડીને નવો ચીલો પાડવાનો આ લોકનાયકનો પ્રયાસ ગાંધી વિચારનું પ્રતિબિંબ ઝીલે છે. માનવ સમાજની સ્થિતિ બદલવામાં સત્તાનો અભિગમ ખાસ કામ આવતો નથી તેવી પ્રતિતિ જે.પી.ની વિચારધારામાં જોઈ શકાય છે. સ્વતંત્ર દેશમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના ભપકા સામે જે.પી.એ અનેક વખતે જાહેરમાં અણગમો વ્યક્ત કર્યો. જે.પી.ના પંડિત જવાહરલાલ નહેરુ સાથેના સંબંધો પણ શરૂમાં ઘણાં નિકટના હતા. ધીમે ધીમે આ સંબંધોમાં પણ વૈચારીક મતભેદ ઊભા થયા હતા. આમછતાં જયપ્રકાશે આ મતભેદોની જાહેર ચર્ચામાં એક મર્યાદા જાળવી તે પણ નોંધપાત્ર બાબત છે.

જે.પી.ના વિચાર તથા વ્યક્તિત્વને વિશેષ સમજવામાં વેલ્સ હંગેન નામના એક પત્રકારનો જે.પી. સાથેનો ઈન્ટરવ્યૂ કામ આવે તેવો છે. હંગેન લખે છે કે પટણામાં તેમણે એક પૂરો દિવસ જે.પી. સાથે ગાળ્યો. એક શાળાના ઓરડામાં કોઈ આધુનિક સવલતો સિવાય જે.પી. બેસતા. જે.પી. આ વિદેશી પત્રકારને જમીન પર ગાદલા પર તકીયાની મદદથી કેવી રીતે બેસી શકાય તેની વિગત કાળજીથી સમજાવે છે. રૂમમાં થોડા પુસ્તકોના કબાટ તથા એક ખખડધજ સીલીંગ ફેન હતા. હંગેન લખે છે કે જે.પી. જે વાત કરે છે તેમાં આડંબર નથી કે ચવાઈ ગયેલા સૂત્રો નથી. શબ્દની તેમની પસંદગી ઘણી વિવેકપૂર્ણ હતી. મોટાભાગે શાંત અને સ્વસ્થ દેખાતાં જે.પી. દેશના ગ્રામજનોની સ્થિતિની વાત કરતાં ઘણાં ભાવુક બની જતા હતા. અનેક વંચિતોની વ્યથાની વાત કરતાં તેમના મુખ પર વેદનાના વાદળ ઉતરી આવતાં હતા. વાત કરતાં કરતાં તેઓ ઊંડા વિચારમાં ઉતરી જતા હતા. જનસામાન્ય સાથેના આ અનુસંધાનને કારણેજ તેમના પ્રશ્નોના નિરાકરણ માટે તથા મનુષ્ય ગૌરવ અર્થે જે.પી. સતત સંઘર્ષ કરતાં રહ્યા. ગુજરાતે પણ જે.પી.ના આ અનોખા નેતૃત્વનો અનુભવ ૧૯૭૪ થી ૧૯૭૭ના ગાળામાં કર્યો છે. આથી તેમની એક છબી આપણાં મનમાં કાયમ રહી યછે. સ્વતંત્ર દેશના રાજપુરુષોનું સ્મરણ કરીએ ત્યારે લોકનાયક જયપ્રકાશનું નામ અચૂક સ્મૃતિમાં આવે છે. જયપ્રકાશ તેમજ ગાંધીજીના વિચારને વરેલા જે.પી.ના અર્ધાંગના પ્રભાવતીદેવી એ આપણાં મુક્તિ સંગ્રામના તેજસ્વી તારકો છે.

છે શબ્દ તો શબ્દનેય હાથપગ હશે !

સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

ભાષા એ વિશાળકાય જહાજ છે તો શબ્દો એનાં હલેસાં છે..નવલી નવરાત્રી ચાલે છે..મને નવરાત્રી કરતાં નૉરતાં શબ્દ બહુ ગમે છે.નવલાં નૉરતાંની વાત જ નિરાળી હોય છે.જનહદયના ભાવોને વ્યકત કરે એવા શબ્દો આપોઆપ જ 'કોઈન' થઈ જતા હોય છે..લોકગીતો લોકબોલી કે લોકવાર્તાઓની માફક આપોઆપ આકાર લેતા આવા શબ્દોની પણ એક આગવી સુગંધ હોય છે..શબ્દોનું આ ગણિત શાસ્ત્રીય માપદંડોથી ના સમજાય..એ માટે આપણે જીવાતી જિંદગીનાં સ્પંદનોને પામવાં પડે. જન ધબકારને સાંભળવો પડે..ઘણીવાર શબ્દકોશના રેડીમેડ શબ્દો કરતાં વગડાઉ ફુલ જેવા લોકબોલીના શબ્દોની મજા અનેરી હોય છે..

તહેવાર કે ફેસ્ટીવલ કરતાં પરબલું શબ્દની નજાકત અલગ છે..વઢિયારમાં બહાર રહેતા લોકો દિવાળી કરવા વતનમાં આવતાં ત્યારે કહેતાં 'પરબલાં કરવા આવ્યાં છીએ...' વતન તરફ જતી સડક કે એકસ્પ્રેસ હાઈવે ભલે હોય પણ 'વતનની વાટે' શબ્દમાં જે ઉલ્લાસ છે એ આગવો છે..ગામડામાં લોકો ચાલવું નથી બોલતા હેંડવું કહે છે..હેંડતાં હેંડતાં હિલ્લોળા લેતી કોઈ સીમને નીરખવાની મજા બધા નથી લઈ શકતા...જનનીના ધાવણ જેવા તળપદા શબ્દવૈભવનો જોટો જડવો મુશ્કેલ છે.

મિત્ર માટે વપરાતો ભાઈબંધ કે ભેરૂ શબ્દની છટા જુઓ..એ જ રીતે માણસ માટે મનેખ, કે મહેમાન માટે પરોણો એવા શબ્દોની સુવાસ પણ માણવા જેવી છે...માણસનું જીવન એટલે મનખા અવતાર...અને બે ઘરનો પરોણો ભુખે મરે' એવું લોક ડહાપણ...સાફસફાઈ માટે વાસીદુ વાળવું સહજ બોલાતો ગ્રામ્ય ઉદગાર... મારા મનમાં રોજ સવારે વાસીદુ વાળતી બા અને એના સાડલાની ધુળભરી કોર હંમેશાં જીવંત છે..!

નરણા કોઠે પાણી પીવાની વાત કે ઈંધણાં ભેગાં કરી ચુલો પેટાવવાની વાત ભલે આઉટડેટેડ લાગે પણ આજેય એના પડઘા ગામડાના વારસદારો અનુભવી શકે છે..શહેરની સોસાયટીને ગેટ હોય ગામડાને ગોંદરૂં હોય..ગેટ બંધિયાર હોઈ શકે ગોંદરાનો વૈભવ એના ખૂલ્લાપણામાં છે..ગામનેં ગાંદરે ગાડું આવે એ દ્રશ્યો હવે કિતાબોમાં પણ નહીં ફકત મોબાઈલની કોઈ શુષ્ક ગેલેરીમાં બચ્યાં છે..! ઘર એટલે ખોરડું અને એનો આવકારો એ જ એની ઓળખ..એ જ એની ખાનદાની..! બંગલા કે ફલેટની આવી કોઈ વિરાસત નથી હોતી! ખોરડાની ખાનદાનીના સેંકડો કિસ્સા છે..

તમને થશે કે લોકજીભેથી પ્રગટેલા શબ્દોની સંગતે ચડી હું ધરારપણે ગામડા તરફનો મારો પક્ષપાત છતો કરૂં છું તો એ વાતમાં કોઈ માલ નથી ! ગામડાના લોકો વાત ઉપરથી માલ એટલે વાતનું મૂલ્ય કરી નાખે..એને હૈયા ઉકલત કે કોઠાસૂઝ કહેવાય..મને શહેરો કે નગરો માટે એવો કોઈ અણગમો નથી.એક રીતે જોઈએ તો મારા સમગ્ર જીવનનો બે તૃતિયાંશ હિસ્સો આમ તો શહેરોમાં જ વિત્યો છે..ગામ તો ગળથૂથીનો જ એક નાનકડો હિસ્સો છે..પરંતુ ફરક એ છે કે ગામ ધબકતું હતું..શહેર ઘોંઘાટ કરતું હોય છે...ગામમાં લોક હોય છે,શહેરોમાં અજાણ્યાં માણસો વસે છે...અને એટલે જ ગામ આપોઆપ આપણને ગમતું હોય છે !

ગામના ચોરે થતી 'ચેટ' એટલે ગામગપાટા ! રસ્તા માટે મારગ..ગામમાં થતા અવાજો એટલે ગામગોકીરો ! વૃક્ષો એટલે ઝાડવાં ને આકાશ એટલે આભલું..બનાસનો પટ એટલે સીધોસટ જળપ્રવાહ..બનાસની રેત એટલે નકરૂં હેત..આડેધડ બાવળ એટલે વગડાઉ વૈભવ..બનાસના ઉંડા ધરામાં આત્મવિશ્વાસથી કૂદી પડવું એટલે ધુબાકા..! જીવનની અનેક હાડમારીઓ અને અભાવોથી ગ્રસ્ત મેલાઘેલા કોઈ માણસને તમે પુછો કે 'કેમ છો ?' તો ખુમારીભર્યા ચહેરે એ કહેશે કે 'બસ ધુબાકા છે..!'

કેટલાક શબ્દોનું અવતરણ સહજ હોય છે..ડાળખીને જેમ કુંપળ ફૂટે એવું... કેટલાક શબ્દો કે નામાભિધાન શરૂઆતથી જ લોકજીભે ચડતાં નથી..બોલીએ ત્યારે એમાં કૃતકતા કે પરાયાપણાનો ભાવ અનુભવાય... શબ્દો તળભૂમિના હોય, દરિયાપારના હોય સ્વયંભૂ,કે પછી અનુવાદિત કે નવ વ્યાખ્યાયિત... એ આપોઆપ સમર્થન પામે તો જ સાર્થક... બાકી ઘણા શબ્દો આપણે બોલીએ ખરા પણ જાણે એમાં જીવંતતા ન હોય એવું લાગે..માણસ માટે પણ આવું જ હોય છે ને ?

અને આ તો ઝલક હતી આપોઆપ આકાર લેતા શબ્દોની..અનુવાદિત શબ્દોની પણ એક મજા છે..જેમ કે કોમન સેન્સનું ગુજરાતી આપણે સામાન્ય બુધ્ધિ કરીએ છીએ..પરંતુ કોમન સેન્સ હોવી એ અસાધારણ બાબત છે..સામાન્ય બુધ્ધિ એટલે જાણે ઠીકઠાક હોંશિયારી એવું લાગે.. હકિકતમાં સામાન્ય બુધ્ધિ એક વિશિષ્ટ આવડત હોય છે. એના માટે હજુ વધારે સારો શબ્દ 'કોઈન' થઈ શકે..આવું જ જનરલ સ્ટ્રીમ બાબતે પણ છે..એના માટે શબ્દ છે સામાન્ય પ્રવાહ..વિદ્યાર્થી સામાન્ય પ્રવાહનો છે એમ કહીએ એટલે એવું લાગે કે એ અસામાન્ય નહીં હોય..! એનો અર્થ એમ થાય કે જાણેઅજાણે આપણે એને અન્ય પ્રવાહ કરતાં ઉતરતો ગણીએ છીએ..! હવે ભાષાશાસ્ત્રીઓની પણ મજા જુઓ..કોમન એટલે પણ સામાન્ય કર્યું અને જનરલનું પણ સામાન્ય કર્યું..એક જ ભાષા માટે બે ધોરણ...!

Stop Look & Go નું ગુજરાતી થયું થોભો,જુઓ,અને જાવ. અહીં 'થોભો' બરાબર જામતું નથી. હજુ વધારે સારો શબ્દ મળી શકયો હોત..! Highway નું ધોરીમાર્ગ કોઈ બોલતું નથી..તો ટ્રિકકેઝ માટે યાતાયાત પણ વિદેશી જ લાગે.. કમ્યુનિકેશનનું સંચાર કર્યું અને એપીડેમીક માટે સંચારી.! આ મેળ સમજાતો નથી..એટલે જ લોકભોગ્ય પણ નથી...

ફિલ્મનું ચલચિત્ર જામે જ નહીં..એકટરનું અદાકાર પણ એવું જ છે..આ તો સામાન્ય જરૂરિયાતના શ